રસીક મેહેતાનાં ભજનો.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

હીરાલાલ છગનલાલ બુકસેલર.

ઠે ગાંધીરોડ—અમદાવાદ.

૧ આવૃત્તીમાં કાંઇ સુધારો કર્યો નથી.

૧ ૩ ૭. ૨૦૦

પ્રસીદ્ધ કર્તાએ પોતાને સ્વાધીન ગ

અમદાવાદ.

શ્રી પ માત્મને નમઃ

નરસીંહ મહેતાના ભજન કીરતન સંગ્રહ.

સરસ્વતીની સ્તુતિ.

વાણી હે વીણાધારીણી.
ભગવતી ગુણવતી રસવતી સરસ્વતી—વાણી.
માત છે બાગને શર્ણું એક તુજ તણું;
ગાળને ટાળ તુ આત મુખથી ભણું,
કરી કૃપા, કર અહો હે હિત કારીણી— વાણી.
જડતા મૂર્ખતાને હરો, આપજો સદ્દવિદ્યા તણોરે ઝરો;
વદનમાં વાસ કરશો હે દુઃખહારિણી— વાણી.

કીર્તન ૧ લું.

પંખિડા જીવડા જરૂર છે જાવાનું,
જરૂર છે જાવાનું નથી કાંઇ;
અમર થાવાનું પ્યારા, જરૂર છે જાવાનું. પંખિડા.
મારૂં મારૂં શું કરે મુરખડા તું,
આંહિનું આંહી સૌ રહેવાનું. પંખિડા.
કાયા કંચનને આવે ન રામા સંગે,
પુન્યને પાપ વારે થવાનું. પંખિડા.
નાએ રટશે નામ નરસૈયા નાથનું જે,
તેના ધામ તે પાવાનું. પંખિડા.

કીર્તન ૨ જું.

ન તું તો ચેતીલેનેરે, આયુષ્ય તારૂં એળે ગયું;
થાકૂટ મેલીદેનેરે, રાખ્ય તારૂં નવરે રહ્યું;
કાળાં ફીટી ... ખ ધાર્યું નહીં કાંઇ ધ્યાન;
ભાગની ... રૂક્યો ન મદને માન;

લોભ તણું લુગડું રે, એમનું એમ રહ્યું. ચેતન.
ખટરસના સ્વાદે કરી, રાખ્યું નહીં કાંઇ ભાત;
જોબનના જોર તણું રે, ગાતર સૌ ગળીરે ગયું. ચેતન.
હજુ અવસર છે હાથમાં, ધરી લે પ્રભુનું ધ્યાન;
શિવ સુંદરી વેગે વરે, મળે અક્ષય સુખ સ્થાન;
કથન હરી કેરૂં રે, નરસઇઆએ ઉરે લહ્યું. ચેતન.

કીર્તન ૩ જું.

જાયાને જીવડા જરૂર છે જાવાના,
નથી કોઇ અમર થાવાના, જાયા.
કોઇ આજ કોઇ કાલને, કોઇ માસ છ માસ;
કોઇ વરસ દસ વીશને કોઇ પચીસ પચાશ;
અસ્થિર આ સંસારમાં, શીદ મરે છે મુંઝાઇ;
માટે પામર પ્રાણીઆ, ચેતી લે ચીત માંહી;
પ્રભુના ભજન વિના, સુખી ના થાવાના. જાયા.
વિઠ્ઠલપતી વારે ચઢી, પુરી નરસેં આશ;
ગાતા પ્રભુ ગુણ પ્રીતથી, પામ્યા વૈકુંઠ વાસ.

કીર્તન ૪ થું.

ભુતળ ભક્તિ પદારથ મોટું, બ્રહ્મ લોકમાં નહીંરે,
પુનકારી અમરાપુરી પામ્યા. અંતે ચોરાશી મહીંરે. ભુત
હરી જન તેતો મુક્તિ ન માગે, માગે જનમો જનમ અવતાર;
નીત્ય સેવા નિત્ય કિર્તન ઓછવ, નિરખવા નંદ કુમારરે. ભુત
ભરતખંડમાં જનમી જેણે, ગોવિંદના ગુણ ગાયારે;
ધનધનરે એના માત પીતાને, સફળ એની કાયારે. ભુ
ધન વંદ્રાવન ધન ધન લીલા, ધન વ્રજના વાશીરે;
અષ્ટમાસિદ્ધિ આંગણેરે ઉભી, મુક્તિ છે એમની દાશીરે.
એ રસનો સ્વાદ શંકર જાણે કે એક જાણે શુક જોગીરે;
બીજો જાણે નરસેં નાગર, જે હરી રસનો ભોગીરે.

કીર્તન ૫ મું.

જશોદાના જીવણ ઉભા, જમુનાને તીરે;
મોરલી વજાડે મોહન, મધુરી
પીતાંબરની પછેડી વાળી, ઉર

કાન બીચ કુંડળ લડકે, દીશે રૂપાળા.
પરભાતે ઉઠીને ગોપી, ગૌને ચરાવે;
ઓ કાનુડા ઓ કાનુડા, કહીને બોલાવે.
આજતો અમારી ધેને, દુધ ગોડેરાં દીધાં;
રખેરે શામળાયે વ્હાલે, દોહીને પીધાં.
સાંભળરે શલુણી શ્યામા, વાતલડી મારી;
તુજ સરખી સુલક્ષણી છે, ગાવલડી મારી.
એવાં એવાં વચન સુણી, ગોપી આનંદ પામી;
ભક્તવત્સ ભુધરજી મળ્યા, મહેતા નરસૈના સ્વામી.

કીર્તન ૬ ઠું.

વાહાલા વેગે આવોરે, દયા દિલે લાવોરે;
બીડ માની ભાગવા હોજી;
નહી આવો તો છાનાં ઉઘાડું બધાં છીદ્ર. વાહાલા.
આહેરડામાં ઉછર્યા, ગોવાળીઆમાં વાસ;
હાથે કાળી કામળી, માગી પીતાં છાશ;
માતા કેડે મુકીયા, પુરો મારી આશ,
હું રાખું તમથી હાવારે. બીડ.
બે માના બે બાપના, નકટા નિર્લજ બાળ;
નહિ માંખણના ચોરટા, કંસ તણા હે કાળ;
મોડ [illegible] રાના તણી, દુરોજન આપે આળ;
ધિરા વેગે ધાઓરે. બીડ.

કીર્તન ૭ મું.

હળવે હળવે હળવે હરજી, મારે મંદીર આવ્યારે;
મોટે મોટે મોટે મેંતો, મોતીડે વધાવ્યારે. હળવે.
કીધું કીધું કીધું મુજને, કાંઇક કામણ કીધુંરે;
લીધું લીધું લીધું મારું, ચિતડું ચોરી લીધુંરે. હળવે.
જાગી જાગી જાગી હું તો, હરી મુખ જોવા જાગીરે;
ભાગી ભાગી ભાગી મારા ભવની ભાવટ ભાગીરે. હળવે.
ફુલી ફુલી ફુલી હુંતો, હરિ મુખ જોઇ ફુલીરે;
ભુલી ભુલી ભુલી સારા, ઘરનો ધંધો ભુલીરે. હળવે.
પામી પામી પામી હું તો, મહા પદવીને પામીરે;
મળીયો મળીયો મહેતા, નરસૈયાનો સ્વામીરે. હળવે.

કીર્તન ૮ મું.

જુવાનીને હાડેરે, હરીને જાણ્યા નહીંરે,
મેહારાણું રૂપા સાથે મન;
કાઇકને મોહ્યોરે કામનીના કલ્પમાંરે,
કાઇએક જોડવા ધાયો ધન. જુવાની.
પચીસને પચાસરે પરપંચમાં ગયાંરે,
તેહીલા આવ્યા સાઠ વરસના દન;
સીતેરને સુધીરે કાંઈ સમજ્યો નહીંરે,
પછે આવ્યો સાધન કરવા વન. જુવાની.
આંખડીયે ન સુજેરે ગળે બહુ નાશિકારે,
બોલે તેતો સંભળાય નહીં શ્રવણ;
માથા તો ન મુકેરે તુટે નહીં તરસણારે,
ઓળખાય નહીં અશરણ શરણ જુવાની
હાથમાં લાકડીરે ચરણ ચાલે નહીંરે,
તુટીને શિતળ થયુ છે તન;
મુખ માંહીરે દાંત એકે દિસે નહીંરે,
તોય પાપી ઉદર માગે તન. જુવાની.
ભાગ્ય જેનું ભલુંરે આ અવસરને ઓળખ્યોરે,
તે તો પ્રાણી કહેવાએ હરીના જન;
નરસૈઆના સ્વામીનેરે સુખમાં સભારજોરે,
જો હોય પેહલા ભવનુંરે પુન્ય. જુવાની.

કીર્તન ૯ મું.

એવારે એવા અમો એવારે એવા, તમો કહો છો વળી તેવારે;
ભક્તિ કરતા જો ભ્રષ્ટ કહેશો તોય, કરશું દામોદરની સેવારે. એ.
જેનુ મન જેની સાથે બંધાણુ, પહેલું હતું ઘર રાતુંરે;
હવે થયુંછે હરિ રસ માતું, ઘેર ઘેર હિંડુ છે ગાતુરે. એવા.
સઘળા સાથમાં હું એક ભુંડો, ભુંડાથી વળી ભુંડોરે;
તમારે મન માને તે કહેજો, નેહ લાગ્યો છે મને ઉંડોરે. એવા.
કરમ ધરમની વાત છે જેટલી, તે મુજને નવ ભાવેરે;
સઘળા પદારથ જે થકી પામે, મારા પ્રભુની તોલે નાવેરે. એવા.

છોગા કરમનો હું નરસૈઓ, મુજને તો વૈષ્ણવ વાલારે;
હરિજનથી જે અંતર ગણશે, તેના ફોગટ ફેરા ઠાલારે. એવા.

કીર્તન ૧૦ મું.

શ્રી દામોદરના ગુણ ગાતાં, નર કોઈ દુખિયો ન હોયરે;
સદા શામળીઓ શરણે રાખે, સન્મુખ આવી જોયરે.
મુરખ મુઢ હીંડે રડવડતો, નવ જાણે હરીનો મર્મરે;
સમરણ કરતાં તત્તજ આવે, પરીપુરણ પરબ્રહ્મરે.
છેલ છબીલો છે છોગાળો, નિત્ય નિત્ય તેને ભજીએરે;
મંડળિક માન ઉતાર્યું જેણે, કહો કેમ તેને તજીએરે.
સુખદાતાની પુર્ણ કૃપાથી, અવીચળ પદ હું પામ્યોરે;
નરસૈઆના સ્વામીને જોતાં ભવભય સઘળો વામ્યોરે,

કીર્તન ૧૧ મું.

સંસારનો ભય નિકટ ન આવે, કૃષ્ણ ગોપાળને ભજતાંરે,
ત્રિવિધી તાપ ટળે બહુ તજતા, મોહ માયાને તજતારે.
ધ્રુવ તણી દ્રઢ ભક્તિ જાણી, અવીચળ પદવી આપીરે;
ભક્ત પ્રહલાદ ઉગારી લીધો, જનમ જરા જડ કાપીરે.
જે જન સાચો ભાવ રાખીને, જપે શ્રી જગદીશરે,
શરણાગત રાખે શામળીઓ, કાપે સૌ કષ્ટરે.
શ્રી દામોદર જેવા દાતા, જગમાં ન મળે કોયરે;
નરસૈઓ કહે નિશદીન જપતા, સકળ કારજ સિદ્ધ હોયરે.

કીર્તન ૧૨ મું.

હવે મને હરી નામથી નેહ લગ્યો,
ભાગી ભીડ ભવનો ભય ભાગ્યોરે. હવે૦
માયા મંદિર મારાં મનથી મેં મુકીઆંને;
હરીની ઓળખાણ કીધી:
હેમ હીરાથી હાર મઢેલા તે,
ચાલ્યો તે ઉપર થુંકીરે. હવે૦
કેના સુત તાત કોના, માતાને ભાત સરવે,
સ્વારથના સગપણ રાખે;
પ્રાણ ગયા પાસે ન આવે,
કાઢો કાઢો મુખે ભાખેરે. હવે૦

કીર્તન ૧૩ મું.

મીઠડા બોલ્યા નાથરે, આવો મીઠડા બોલ્યા નાથરે;
એક ઘડી એકાંતે આવો તો, કહું મારા મનડા કેરી વાતરે.
આવોને મારા મીઠડા બોલ્યા નાથરે.
આજ આનંદ મારે અતિ ઘણો, વાહાલે પ્રેમે સાહ્યો મારો હાથ:
તરીઆ તોરણ મારે દ્વાર બંધાવું, મંગળ ગવડાવું સારી રાતરે.
વંદ્રા તે વનની કુંજગલીમાં, સહુ સખીઓની સાથ;
નરસઇયા સ્વામી સંગરે રમતા, હવે તે હુઓ પરભાતરે.

કીર્તન ૧૪ મું.

પથીડાને ન્યાળતીરેહો, જોતી તુંનો પીતાંબર પગલાં;
મધ્ય નીશાસમેરે હો, ભરતી હું લથડતી ડગલાં. પં.
શ્યામા શ્યામનેરે હો, હીંડુ હું તો મારગડો જોતી;
નેણું મારે નીરઝરે રેહો, ચતુરા ચીર વડે લોહોતી. પં.
ચારે દીશે ન્યાળતીરે હો જાણે હુંતો વનચરતી હરણી;
સુધબુધ વિસરી રે હો, પ્રભુ માહારા એ તારી કરણી. પં.
ગોપી સહુ ટોળે મળીરેહો, મનડામાં કીધોરે એક વિચાર:
ચાલો સહુરો ત્યાં જઇને રેહો, જ્યાં હોય નાગર નંદ કુમાર. પં.
જઇને પુછું તુમને હો, દીઠા કોઇ નાગર નંદકીશોર,
આણે આણે મારગડેરે હો, આવ્યા અમે લક્ષ ચોરાશીવાર.
ભુલી ભુલી ત્યાં ગઇરે હો, જ્યાંહા શ્રી જમનાજીતાર,
વ્હાલો અહીંઆં બેસતારે હો, જમતા કરમલડાને કપુર.
વ્હાલો વાતા સાંભળીરે હો, તેના વિના સ્થિર ન રહે સુજચીત.
લેખણુ કર ગ્રહી રેહો, અક્ષર લખવા નંદ કુમાર;
અક્ષર હુંતો કેમ લખુંરે હો. બાઇ મારે નયણે વહેજળધાર પં.
જોબન મેંતો બાળવ્યું રે હો, જાણ્યું મારા સુંદરને ભેટ કરીશ;
જો હરી નહીં મળેરે હો, બાઇ મારા પાપી પ્રાણ તજીશ. પં.
જ્યારે એ શું પ્રીત કરી રેહો, મનડામાં હતીરે મોટી આશ;
નરસઇયાનો સ્વામી મલ્યો રે હો, વ્હાલે મારે રંગે રમાડયારે
રાશ. પં.

કીર્તન ૧૫ મું.

પંડને બ્રહ્માંડમાં જ્યારે વાણી નોતી ભાઇ,

ત્યારે નાદને બુંદ નવ પરતાજીરે સંતો;
બ્રહ્માને વિસ્નુ માહેશ્વર નોતા ભાઇ,
જ્યારે આપો આપ કરતાજીરે સંતો.
જીરે સાચો થંભ છે હાં હે સંતો,
બારને ભીતર એક બ્રમ છે રેજી.
મન મથી માયાએ મળ રચાવ્યો,
ત્યારે નાદને બુંદ પ્રકાસ્યોજીરે.
પાચ મુદ્રિકા લઇને પ્રગટ કીધી ભાઇ,
ત્યારે ચઉદ લોક રચાયોજીરે,
માહા મંત્ર લઇને પંથ પ્રકાશો ભાઇ,
ત્યારે ઘટમા માટે પુજા કીધીજીરે.
ગુરૂજીને બ્રહ્મને ચારરે વેદે ભાઇ,
ભક્તિ લઇ શિવજીને દીધીજીરે.
શિવને શક્તિ મળી ધર્મ ચલાવે ભાઈ,
ત્યારે ઉમતઆ પાટે પ્રધાર્યાજીરે.
પાચે મળીને મહાવ્રત સાધ્યો ભાઇ,
જ્યારે નામ ધરાવ્યુ નીરંજનજીરે.
મેરૂ શીખરજી ગંગાજી મગાવો ભાઇ,
ત્યારે વાચે ને કાચે વર્તતરનીજીરે.
ભગત જુગતને લઇને એ ધરણી ભાઇ,
ત્યારે શબ્દમાં રેણી કેહેણી જીરે.
દયા ધરમ લઇ પરમારથ પેખો ભાઇ,
ત્યારે આપપણું નવ લેખું જીરે,
ગુરૂજી શબ્દે તમે હોઇને હાલો ભાઇ,
ત્યારે સર્વે હરીજન દેખો જીરે.
શબ્દ તીરથ થકી ઉન મુની રેવું ભાઇ,
ત્યારે નીત ઝરણુ નવ ભાજો જીરે.
નરસઇ કહે જે નર ભીતર જાગ્યા ભાઇ,
ત્યારે સકળ ધર્મને પાળો જીરે.

કીર્તન ૧૬ મું.

કામ ક્રોધ ગન માયાને વારોરે,

સાધુ ધરમ સંભાળી રેહોજી.
મનવૃતિ ભાવો શું સમજાવેરે,
પવન વેગથી ન્યારોજીરે સંતો.
આઠ કુળ પરવત ધરા જેમ ધ્રુજેરે.
ભેળા હર નમો હશે રેહોજી,
દશમે દરબાર શેરૂએ દયા વરતાવીરે.
રણુ વગડામાં ગરૂએ રમતો માંડીરે હોજી.
મનના માન્યા ગુરૂએ મેઘ વરસાવ્યા,
ત્યારે પડખે કાળીંગો ભાગ્યોરે હોજી.
અમર કરવા ગુરૂએ પળ ઉઘાડયા સંતો.
એ અમર પળ ભગત ધરે હોસે હોજી.
મેં પણુ લોભી મેં પણુ લાલચુરે સંતો.
સરણાગત સ્વામી તાહરોરે હોજી
સઘળા સાધુની આગે નરસૈં બોલ્યો સંતો.
મેં આધીનતા તારોરે હોજી.

કીર્તન ૧૭ મું.

આતું હરી ભજવાનું ટાણુંરે, વારે વારે તુંને નહી મળે હોજી.
મનુષ્યા જન્મ આપ્યોરે, મોટા મોંઘા મુલનો હોજી.
તોયે હરી ગુણુ ન ગાયરે, ગુણનું ભુલ્યો ભગવાનના હોજી.
સમજીને તમો ચાલોરે, જીતો જમ દુવારને હોજી.
હરી ભજનમાં તમે આલોરે, સહેજે મળશે પુરૂષ હરી.
ભાજ કરીનેરે જુઓ તમે નાથ હરી હોજી,
ગાત્યો તે નહીં જાયરે, એવો સારંગ પ્રાણી.
સહેજે ગુરૂ મને મળાયારે, ભજની ભાવે હરી હોજી.
એતું નરસૈં કેહેરે, મારા ઉરમાં આવો ફરી.

કીર્તન ૧૮ મું.

મારા સાથના સંઘાતીરે, વખતે વેલા આવજોરેજી.
મનુષ્યા જનમ મળ્યો તુને મોટો,
તોયે હરી સ્મરણુ નવ કીધું હેજી,
ભવજળ પાર ઉતારવા ભાઇ નાવ હાથ લીધું. મુ
પાપ કરમની કોઠો નાંખી, લોભ કપટજ ભરીયા હેજી,

શેઠ કમાણી કારે મુકી, પાપે પેટજ ભરીયા હેજી;
તરવા ઉપાય નવ કરીયા. મારા૦
પુણ્ય તણું તેં નામ ન જાણ્યું, ધર્મ મુકયો તે જાણી હેજી,
અંતે સમય સૌ આવી વળગશે, કરણી કરમ પ્રમાણી હેજી,
ચેત નહીં તો જમડા લેશે તાણી.
જાણી નહીં પ્રભુની પ્રભુતાઇ, વિષયમાં રહ્યો તું માણી હોજી,
વિષય વાસના દુરે તજીને, પ્રભુને લ્યોને તમે જાણી હોજી,
નરસઇની માની લ્યોને વાણી. મારા૦

કીર્તન ૧૯ મું.

વારે ધા વિઠલ વેલો, ઘેરજારો રાય છે ઘેલોરે;
વ્હાણે વંચાવશે મેલો. વારે ધા
અણુત પાળવો પદ છે તારૂં, પાળ ત્રિભોવન નાથ,
મોટાઇ મુકીને મુક માં મોહન, હેતે ઝાલેશો હાથ;
હરી થીદ આપ હઠસેલો. વારે ધા
તાત તારા તને તેડીને વિક્રમં, ચોરી લાવ્યા ગોકુળ;
તાતનાં લક્ષણ તુજમાં આવ્યાં, ચોર્ય નારી પટકુળ;
ખોળાવો કાં ખોટ ના ખેલો. વારે ધા
કોડીનું હીનની સુનર કાચ્યું, ફુલડાં કેરી માળ;
તેમાં લોભાઇને જાત તેં તારી, દેખાડી દીધી ગોપાળ;
પગાણે તું આવતો પે'લો. વારે ધા
આ અવસર શું અવળો થઇને, બેઠો જઇ તું દુર;
હાજર ન થતાં હલાજ કરજે, નરપતી પાપી ક્રુર;
નરસઇઆની આપ છો એલો. વારે ધા

કીર્તન ૨૦ મું.

નીત નીત ભજું તારૂં નામ, તારૂં નામ મારા સ્યામરે;
પ્રેમ થકી મને પ્રભુજી મળ્યા હોજી. નીત૦
સુની સેજડીઆં મારી, નિંદ્રા ન આવે વ્હાલા,
કાંઇ નવ સુઝે ઘરના કામ, મુને કામ. નીત૦
આ કાંઠે મગા વ્હાલા, ઓલે કાંઠે જમના;
વચમાં ગોકળીયું રૂડું ગામ, રૂડું ગામ. નીત૦

ભાતરે ભાતના, ભોજન પીરસીયાં વ્હાલા,
જમવા ન આવે ઘેલો શ્યામ, ઘેલો શ્યામ. નીત૦
નરસઇ નાગર, તુમ ગુણનો આગર વ્હાલા
બાકી બધાને રામ રામ, રામ રામ. નીત૦

કીર્તન ૨૧ મું.

ભક્તિ ભાળીને વ્હાલો મારો રીઝે છે રે વ્હેલો;
નવ ગણે જોગી ભોગી, વળી ગાંડો કે ઘેલોરે. ભક્તિ૦
ધાવણાપણામા ફરીને, મળિયા મોરારી,
કુબજ્યા કરૂપી કરી વ્હાલે, પટરાણી પ્યારીરે. ભક્તિ૦
કઉરવે કરેલા કુડ વ્હાલો, જમિયા ન જાણી,
વિદુરની ભાજી વ્હાલો મારો, આરોગ્યા વખાણીરે. ભક્તિ૦
ભલા ભલા જોગીડે પ્રભુજીના, મુખડાં ન ભાળ્યાં.
પાડવાના ઘેર પ્રભુજીએ વાસીદાં વાળ્યારે. ભક્તિ૦
ઉંચા ઉચા આચારી કેરા, વ્હાલે પિધાં નહીરે પાણી,
ખીચડળો ખાધો કર માનો, ઓડકાર આણીરે. ભક્તિ૦
ભરવાડાં ભેળા વ્હાલા, મારો રંગેથી રમીયા,
કાણુવા સુદામા કેરા વ્હાલો, ઝડપીને જમીયારે. ભક્તિ૦
સારી સારી સતિયે વ્હાલાજીનાં, વારણાં ન લીધાં; ભક્તિ૦
દુષ્ટ કર્મ ઘાણી ગુણકાને, દરીશન દીધારે. ભક્તિ૦
સવરીના બોર લક્ષ્મિપતિ, જમીયારે જાચી;
નરસઇ ચડે છે વાહાલો, પ્રેમથી રાચેરે. ભક્તિ૦

કીર્તન ૨૨ મું.

ગોવિંદ જાણ્યાં વીના તે વરસાં ગાળીયાંરે.
ગળે પારા બાંધી જેમ અડશે, કાપો કાપો મુખથી કહેશે.
રંગ ભરેલાં રહેશે મંદીર માળીયારે. ગોવીંદ.
સુરો પુરો સુરા સુરપાને, કૃષ્ણ કથા નવ ગોઠે કાને,
ભજની જન ભગતોને ખળ સે ખોળીયાંરે. ગોવીંદ.
હૈડામાં નવ ધાર્યં હરીને, જુંડાઈ હોરી ઝાઝ ભરીને;
દયા વીના તે દાન કરીને બાળીયાંરે. ગોવીંદ.
આડંબગાઇમા ઉમર આખી, નર તન ચીંતામણ ખોઇ નાંખી;
હદીયા મધે રાખી તીખી પાળીયાંરે. ગોવીંદ.

ધર્મરાજની આગળ ધરશે, ત્યાં તારાં ગાતર થરથરશે;
ક્રોધી જમડા કરશે અરે ઉંડાળીયાંરે. ગોવીંદ.
મરણ વાત તો નહીં જવાની, જાગી જો નથી વાર જવાની,
સાથે ન આવે વાલ સવાની વાળીયાંરે. ગોવીંદ.
વસ્ત્ર આભુષણ લુંટી લેશે, બહાર જઇને આપી દેશે;
કહે મેહેતો નરસઇ ડાંડયાં રહેશે રાળીઆંરે. ગોવીંદ.

કીર્તન ૨૩ મું.

ડાપણ તારૂં જાણ્યુંરે, હવે બહુ ડાહ્યો તું થામાં.
જ્ઞાન સુધારસ મુકી આખર, માયા વીરટા ન્હામાં. ડાપણ.
રંગ રાગથી રીઝે ઘડીમાં, ઘડી વેરાગે ઝુઝે,
તાણા તાણુથી પાપી ચેતન, રેઘવાયો તું થામાં. ડાપણ.
ચેતન જાણે ચડ્યું ગગનમાં, મન પટકી પટકે છે,
ધીરે ધીરે સાધ સાધના, આંબા લાડુ ખામાં. ડાપણ.
નવીન બાપડા નાથ ચરણધર, આડા આવો જામાં,
દીન બંધુમા રાખ્ય ભરુસો, ખાલી ખાસડાં ખામા. ડાપણ.
મનજી મીત્ર ઘડી માફ રાખ્યને, બાપ પગે પડી વીનવું,
છોડય નાડયને હવે અનાડી, પાતક પ્યાલો પામાં. ડાપણ.
ધાન્ય ઘરોને ધન જન રમણી, ભલા ભલા એ મુકીરે,
તારી ગતિ તું સે સુધારી, જીવ બીજામાં ગ્રેમાં. ડાપણ.
અલખ નિરંજન ચીદ ઘન સંગી, ચેતન આતમરામીરે,
પાપે ડુબી ગંગા મુકી, વૈતરણીમાં ન્હામાં.
આજ કાલ કરતાં કરતા તો આખી ઉમર ચાલીરે,
કહે નરસઇ નાથ ભજી લ્યો, આખર સાર છે એમાં. ડાપણ.

કીર્તન ૨૪ મું.

સુંદરજી મને ભવ રણમા શું રઝળાવો,
તમોપર છે અમારોરે દાવો. સુંદરજી૦
ભવો ભવ ભટકી ભુલો બહુ ભમિયોરે,
તોય હજુ છેરો કાંઇ નાવ્યો. સુંદરજી૦
છોરૂં હું છું નાથ તમારોરે,
કેમ દયા કાંઇ ન લાવો. સુંદરજી૦

અહલ્યા તારી માંજારી ઉગારીરે,
શા માટે મુજને તલસાવો. સુંદરજી૦
પાપ પુરવ ભવ કીધાં જે હોય કાંઇરે,
તે પર ક્ષમા કાંઇ લાવો. સુંદરજી૦
આપ વિના મારે આધાર કો નહીંરે,
દાસ નરસઇને નભાવો. સુંદરજી૦

કીર્તન ૨૫ મું.

નામ જેણે જાણ્યુંરે, તેનો વેદ ચારે ભણે.
ભેદ જેણે જાણ્યોરે. તે તો ખરો તરત બણ્યે. નામ.
બત્રીશ આભરણ અંગે ધરી નારી, નાક વીના શો શણગાર,
કવિએ જો આપનું આપ ન જાણ્યુ, તે કેમ કરી ઉતરે પાર,
સાર ક્યાથી મળશેરે, ભણ્યો ખરો પણ ન ગણ્યો. નામ.
વાંઝણી નારીને સ્વપ્નું આવ્યું છે, પુત્ર નથીરે એની પાસ,
એમ ભજન દેખા દેખી કરે છે, તેની કેમ પુરી થાશે આશ.
કેને બાપ કહેશેરે, વેશ્યાએ જે પુત્ર જણ્યો નામ.
નામ ગુણ ને રૂપનો નાશ, વળી ચોથું પદ અવિનાશ
એ ચોથા પદનો ભેદ જાણે તેણે કહીએ હરી તણા દાસ,
નારકી કર્મનોરે, સંસે એક પળમાં હણ્યો. નામ૦
એકાગ્ર ચિત થકી હરીને ચાહો, કરો શબ્દનો તોલ,
વિશ્વંભરના વચન તપો તો ધરજો હૃદયમાં બોલ,
કહે નરસઇ પ્રભુના ગાનેરે, અનામી નામ પોતાનો બન્યો. નામ૦

કીર્તન ૨૬ મું.

હંસો [illegible], કાયાનો ગઢ ભાગ્યો,
તમે [illegible] પ્રમાણ [illegible]રે. હંસો૦
આપો [illegible] રસીયા રસના દે,
તમે કુડ કાયાના વિપ કાઢોરે. હંસો૦
નિત નિત નિંદ્રા પીશ, નયણેમા રાખો, :
સુતાસે સાહેબો આધારે, હંસો૦
એક મને હુપ અલખ આરાધો,
આંખો આરાધવાને લાગ્યોરે. હંસો૦
અવસર હુઇ રહ્યોને, જમડા પણ આવ્યા;
કહે નરસઇ ચતુર ચેતોરે. હંસો૦

કીર્તન ૨૭ મું.

હોલો હોલો કહે છેરે, પ્રભુ મારી વારે ચડો,
બચ્ચાં મારાં મારે રે, તળે આવી ભીલ ખડો,
બાણ તાણીને ઉભો પારધી, ઉપર આવ્યો બાજ,
દરમાંથી સર્પ જો નીકળે તો, વણશે અમારાં કાજ,
ગરૂડના ગામીરે, આટી રાખી રખે રહો. હોલો.
ફેલામાં પ્રભુ પધારીઆ તે, સર્પ વિષે નીરવાણ,
પારધીને પગે ડશીને, તતક્ષણ લીધા પ્રાણ,
ત્યાંથી બાણ છુટયારે, બાજ આવી હેઠે પડયો. હોલો.
કઠણ વેળામાં કામજ આવે, ભજન કરો ભવ જાય,
એવા સમર્થ સ્વામી મુકીને, કોના પુજું પાય,
ગુનેગાર તારોરે, નરસઇ દાસ ખરો. હોલો.

કીર્તન ૨૮ મું.

ગુરૂ પદ વંદીરે, વાણી ઓચરૂજી,
હું છું બાળક અબુધ અજાણ,
અપરાધ સામુંરે, મા જોશો દયા નિધીજી,
બોલ્યું અબોલ્યુ કરજો પ્રમાણ. ગુરૂપદ૦
ભવસાગરમારે, ગુરૂ નાવે હું ચઢયોજી,
સહજમાં આવ્યા સાગર પાર,
હોડા ને હિલ્લા તોરે, મુજને નવ નડયાજી,
સદગુરૂ માવધ હાકયું હાર. ગુરૂપદ૦
વેપાર તો કીધોરે, હરી નામનોજી,
કીધા ગુરૂ રૂપી દલાલ,
માલ વોરાવ્યોરે, સુગમ સોંઘો કરીજી,
આ ભવમા કીધા ન્યાલ. ગુરૂપદ૦
ગુરૂ મહીમાનોરે, પાર હું કયમ લહુંજી,
થાકી સરસ્વતી થાકયા વેદ,
શીવ સનકાદિકરે, વરણી નવ શકયાજી,
એવો ભારે ગુરૂ ગુણનો ભેદ. ગુરૂપદ૦
ગોવિંદથી અદકારે, સદગુરૂ ગુણનિધિજી,
અધમ ઉધારણ ટાહાવે નામ,

તન મન અરપીરે, સેવા સદા કરૂંજી,
નમિ નરસિંહ કરે છે પ્રણામ. શુરપદ૦

કીર્તન ૨૯ મું.

કૃશ્ન ભજી લે કૃશ્ન ભજી લે, કૃશ્ન ભજી લે ભાઇરે,
આ દુનીઆમાં સર્વ માંહી, સાચી એક સગાઇરે.
જુઠી માયા જુઠી કાયા, જુઠાં બેનને ભાઇરે,
જુઠું જોબન અસ્થિર ધન છે, સ્વાર્થની છે બધાઇરે
જમ દ્વારે જાવતા ભાઇ, સાથ ન આવે કાંઇરે.
પણ પાપ પુન્ય ન પલસો મુકે, તજતાં ન જાના તજાઇરે,
કરણી તેવી પાર ઉતરણી, અંતે ધર્મ સગાઇરે,
દાસ નરસઇ એમ કહેન્ચ, ભજો કૃશ્નને ભાઇરે.

કીર્તન ૩૦ મું.

કૃશ્નજી કાળોરે, લાગે મને વાલોરે;
નામ તેનુ નિત્યે ભજવુ,
એ છે કામણુગારોરે, કીધો તેને મારોરે;
એક વિના અન્ય તજવું.
કામણગારારે મારા કોડ સૌ પુર્યારે, રાખ્યા ન અધુરારે;
ગુણ હું કેના ગણુ,
આભાર બહુ કીધારે, જશ બહુ લીધોરે,
શુ હુ મુખથી ભણું.
એમ જે કોઇ ભજશેરે, તેને તે નહીં તજશેરે,
સંકટ તે હરશેરે તેહ તણું;
દાસ નરસઇ કહે ધ્યાનજ ધરતારે, નિત્ય સમરતાંરે,
વૈકુંઠ આવે નજીક ઘણું,

કીર્તન ૩૧ મું.

વિઠલા વહેલો તુ આવ્ય, આવ્યરે દાસને લે સંભાળી;
દાસને લે સંભાળી, વાલા તુંતો દાસને લે સંભાળી. વી.
તારા વિના ઝુરી મરે, પળ પણ કાંઇ નવ કળ વળે;
તુજ વિના આ જગતમાંહી, કર્મ મારાં કોણ દળે;
જોને મારા સામું તું ભાળી. વી.
મુજ શિરે પાપનો પોટલો, તુજ વિણ કોણ ઉતારશે,

સાગરે ડુબતાં થકાં, નહીં તુજ વિણ કો તારશે,
કરી તેં અહલ્યા કૃપાળી. વી.
સંસારમાં સહોદર અને, સ્નેહી તણું ટોળું મળ્યું,
પણ દુઃખ શિરે આવતાં, તેઓથી દુઃખ કાંઇ નવ ટળ્યું,
જઇ કહું કેને પોકારી. વી.
શા માટે રાખું સગાઇ એથી, કાજ મારૂં નવ સરે;
સાચી એક સગાઇ તારી સંસાર મારો સુધરે,
કહે નરસઇ દાસરે તુજ મળેથી દીવાળી. વી.

કીર્તન ૩૨ મું.

દ્વારકાના વાસીરે, અવસરે આવજોરે, ગણી રૂક્ષમણીકેરા કંથ;
દુષ્ટ દુર્યોધનરે લાગ્યો મને પીડવારે, પ્રભુ મારા ચોપાસ
ન્યાળુ તારો પંથ,
ઓડ તાણીનેરે સુતો શું તું સાંભળોરે, અબળાને ઉંડો આજ;
લક્ષ્મીજી તળાંશેરે પાવન તારાં પાવલારે, અમપર મહેર;
કરો મહારાજ,
ગ્રહને થકીરે ગજ મુકાવિયોરે, કીધી તમે સુધનવાની સહાય
નરસિંહ ઉપરે હિરણ્ય કશ્યપુ હણ્યારે, પ્રહલાદ ઉગર્યો;
લાગ્યો પાપ.
કરોડરે જાદવ તાહરારે, સાથે બળીભદ્ર સરીખા ભ્રાત.
કાળી નાગ નાથ્યોરે, જલસંધ જીતીઓરે, તે બળ ક્યાં ગયું;
મારા નાથ
વસમી વેળા મારેરે વારે ચડો વીઠલારે, ધાજો તમે છત્રપતી
નીરાધાર;
અસ્વારી કરજોરે ગરૂડની ઉપરરે, નરસઇઓ વીનવે વારંમવાર.

કીર્તન ૩૩ મું.

અંગરખું એક તારૂંરે, બનાવ્યું બહુ જુક્તી કરી;
શિવનારો દરજી ડાહ્યોરે, કીધી છે મહાકારીગરા;
કારીગરી માંહી કેવીરે કીધી, તેનો કહેતાં નાવે પાર;
બારીક કામ બહુ કીધું જીણું, તેના ઉપર તાણ્યો છે તાર;
ટાંકાતો નજરે નવ આવેરે, દેખેને સરવે સુરત ધરી. અંગરખું.
બખિઆ બહુ નાંખીરે, કર્યુંછે બંધ બેસતું;

વાલ્યું તે તો ઠીક વખાણેરે, તાણ્યા તાર ન તસુ;
સારૂ શીવ્યું આવ્યું છે સંગેરે અગે બરાબરી. અંગરખું. ૧
કમરપટે કોટને કુણી, પુઠેથી માની પ્રમાણ;
તેમાં કરોચલી કાંઇ નથી વળી, શિવનારો ચતુર સુજાણ;
પ્રમાણ કેવું કીધુંરે, બેસતું છે બરા બરી, અંગરખું
અંગરખું બહુરંગી બનાવ્યું, પુરણ પ્રેમ પ્રકાસ;
ચોંપ દેખોને દરજીની કેવી, શિવતાં કર્યાં નવમાસ;
દાસ નરસૈયાનેરે, પહેરાવ્યું પ્રભુ બરાબરી. અંગરખું.

કીર્તન ૩૪ મું.

શામળિયો શેઠ કાચોરે, તેને ખોળે શિર મેં નાંખ્યું;
નાણું ખરૂં તેના નામનુંરે, જે ત્રણ લોકમાં ચાલ્યું.
અવર વેપાર ઉઠાવિયો, કાઢી કરમની કોઠી;
લખરે ચોરાશીમાં જોઇ વળ્યો, જ્યાં ખટખટ છે મોટી. સા.
મોહ અત્સર બે ફીલવા, મન મમતારે મ્હાલે;
કણું તે કાઇનું નવ કરે, જે બેઠા ઘર ઘાલે. સામળિયો
કામ ક્રોધ મુનિમ મળ્યા, તેને સ્વતંત્રતા દીધી;
તે મમતાને લાવિઆ, તે તે રહે નહીંરે સીધી; સામળિયો.
તેના છળ ભેદ બે છોકરા, તે થઇ બેઠા લોભી;
દગાને ઘાલ્યો દુકાનમાં, વળી તે લાવ્યો લોભી. સામળિયો.
હરખ શોકની હુંડી કરે, મન મુનિમ જે મોટો;
વાણોતર વધી ગયા, પછે આવ્યારે ટોટો. સામળિયો.
વ્યાજ ડુલ્યું વહીયાતનું, ખાતું નવ જોવું;
મેળ ન કાઢયો મૃત્યુનો, પછી આપરે વગોવ્યું. સામળિયો.
વિમો લુંટાણો વાટમાં, વણ પ્રીછેરે વાણી,
મછવા સા અહંકારના, બુડીઆ વણ પ્રાણી. સામળિયો.
આથી પોથી જે હતિ, તે ગાંઠે બાંધી બેઠા;
જમરે આવ્યા જ્યારે લુંટવા, તે નાશી ઘરમાં પેઠા. સામળિયો.
અંતે ન જોયો આવરો, મન બગાડ ગમાવ્યું;
નવ દ્વાર નાઠા ફરે, સાથે કાંઇ ન આવ્યું. સામળિયો.
નોકર સર્વ નાશી ગયા, શેઠ એકલડા રાંયા;
લખો પતો તેણુ ટરી, અરરે મળ્યાને વાંયા. સામળિયો

લાખે લેખાં તો લોભનાં, જર ન ભળે જરીકે;
જુજ્ઞ પાપની કોથળી, ઠાલી રહીરે ઓશિકે. સામળિયો.
ચીત તણા જે ચોપડા, તેને મુકયારે ખોઇ;
પાનાં છે પરપંચનાં, તેને નાંખ્યારે ધોઇ. સામળિયો.
ચતુર હોય તો ચેતજો, ચિત ચકમેરે બેશી;
નર કોઇ જીતી નથી ગયા, આ વણજમાંરે પેશી. શામળિયો.
શોધી કાઢી આવ્યા શેઠને, વેપાર તેં વધાર્યો;
લેખુંરે ચોખ્ખું લાભનું, આલીને પરવર્યો. શામળિયો.
નિરભય થઇ નાણું કર્યું, ઢાકયુંરે દેવાળું;
કહે નરસઇ હવે નહીં કરૂં. ધોળા ઉપર કાળું. શામળિયો.

કીર્તન ૩૫ મું.

તરણા ઓઠે ડુંગરરે, ડુંગર કોઇ દેખે નહીં,
અજાણ્યુથ માહરે, સમરથ ગાજે સહી.
સિંહ આગમા કરે ગરજના, કસ્તુરી મૃગ રાજન;
તલ ઓઠે તેલ રહ્યું છે, કાષ્ટમાં હુતાશન;
દધિ ઓઠે શું તજેરે, વસ્તુ એમ છુપી રહી. તરણા.
કોણે કહ્યુંને કોણ સાંભળશે, અગમ ખેલ અપાર;
અગમ કેરી ગમ નહીંરે, વાણીરે ન પહોચે વિસ્તાર;
એક દેશ એવોરે, બુદ્ધિ થકી રહે તહી. તરણા.
મન પવનની ગતિ ન પહોંચે, અવિનાશીરે અખંડ;
રહ્યો સચરાચર ભર્યો બ્રહ્મ પુરણ, જેણે રચ્યો બ્રહ્માંડ,
ઠામ નહીં ઠાલોરે, એક અણું માત્ર કહીં. તરણા.
સદગુરૂએ કૃપા કરી ત્યાર, આપે થયારે પ્રકાશ,
શાસ્ત્ર દોડી સાધન સાથે, પોતે પોતાની પાસે,
દાસ નરસઇ કહેછેરે, જ્યાં જોઉં ત્યાં તુહીં તુહી. તરણા.

કીર્તન ૩૬ મું.

ભોળીરે ભરવાડન હરીને વેચવાને ચાલી,
સોળ સહસ્ત્ર ગોપીના વાલાને મટુકીમાં ઘાલી.
અનાથ કેરા નાથને વેચે, આહીરની નારી,
શેરીએ શેરીએ સાદ પાડે, કોઇ લ્યોરે મોરારી.
મટુકી ઉતારી હેઠી મુકી, મોરલી મધુરી વાગી,

વ્રજનારીને સેજે જોતાં, મુરછા તો લાગી.
બ્રહ્માદીક ઇંદ્રાદીક સરખા, કૌતુક તો પેખે,
ચૌદ લોકના નાથને કાંઇ, મટુકીમાં દેખે.
ગોવાળણીના ભાગ્યે પ્રગટ્યા, એ અંતરજામી,
દાસલડાને લાડ લડાવે, નરસઇનો સ્વામી.

કીર્તન ૩૭ મું.

વાલાને જોતાં જોતાંરે, મારી ભુખલડી ભાગી,
ઘરમાં રહીને શું કરૂં, મારી આંખલડી લાગી.
સામળી સુરતે મન મોહીને લીધું,
કાંઇક શામળીયે વાલે કામણ કીધું.
સંસારીનું સુખ ફુતો તજીરે બેઠી,
મધુરી મોરલી મારે પાંજરીએ પેઠી.
સોનાની સાંકળીયે મુને, બાંધીરે તાણી.
મનડાની વાતોરે પેલ. મોહનો જાણી.
વ્રજ વ્રજ વચ્ચે વાલા, અંતર નથી,
નરસઇઆના સ્વામીની લાડે, કથની કથી.

કીર્તન ૩૮ મું.

લાગી લાગી હરકતો લોકો લાજનીરે, (૨)
એ માટે વિસર્યા અવિનાશી, વીશ્વંભર વૈકુંઠના વાસી,
ખબર બુઝે છે ખાશી, હજી આજનીરે. લાગી લાગી
ભરમાઇમા દોલત ભાળી, રૂપા કેરી ખાટથ રૂપાળી,
વાલ તણી નથી વાળી તારા કાજનીરે. લાગી લાગી.
કાયા માયા કાચી કેરી, દેર રહીત નવ રાખ દેરી,
ઝુંપડી સળકી જેવી સુની છાજનીરે. લાગી લાગી.
લાખો જન્મ ધરીને ભોટયો, દીધી હતી ત્યાં મ્હોંતે દોટયા,
ચકલા ઉપર ફેટયો જેવી બાજનીરે. લાગી લાગી.
આવ્યો તો તું લાભજ લેવા, દામ પડયા છે દેવા,
સદાય કરજે સેવા સંત સમાજનીરે. લાગી લાગી.
અંત પુરૂષના શબ્દ સલે નહીં, દોશ ભીતરની તેથી દહે નહીં,
રોકી ગંધ રહે નહીં જેવિ પ્યાજનીરે. લાગી લાગી.
અંત સમે જમડા આવીલે, રહેવું પડશે વદને વિલે.
શિખામણ સમજી લે નરસંગસમનીરે. લાગી લાગી.

કીર્તન ૩૯ મું.

કૃષ્ણ ભજ્યા વિના, પ્રભુને ભજ્યા વિના,
જતી રહી જુવાનીરેજી.
સરોવર દેખી હંસે, વિસામો લીધો ભાઈરે,
આતમ થયો મારો રાજીરેજી.
હરીજન હંસલો જાણે હાલવા લાગ્યોને,
ત્યારે પરદેશી મારો પેખીરેજી.
જુવાની જાતાંરે તને, કાંઇ નવ સુજ્યુંરે,
ઘડપણ આવ્યુ છાનું માનુરેજી.
કાળા ફીટીને વાળ ધોળારે આવ્યારે,
આવી મોતની નીશાનીરેજી.
કંકુવર્ણી કાયા, કામ નહીં આવેરે,
કેસર વરણાં તારાં નુરરેજી.
મુવા પછી તને, સળગાવી દેશેરે,
સૌ રેશે આંહીનુ આંહીરેજી.
જરા પોંચીને તને જમડાએ ઘેર્યો ભાઇ,
ત્યારે ચાલે છે આંસુડાની હેલીરેજી.
કૃષ્ણ પ્રતાપે ભજે, દાસ નરસઇયોને,
ભજો શ્રી કૃષ્ણને સારી રીતરેજી.

કીર્તન ૪૦ મું.

બંગલા ખુબ બન્યા મહારાજ, જ્યાંમે નારાગણુ બોલે.
ઇશ બંગલેમેં દશ દરવાજા, બીચ પુવનકા થંભા,
આવત જાવત કોઇ નવ દેખે, એહી બડા અચંબા. બંગલા.
ઇસ બંગલે મેં વાજા બાજે, સાંજ સવેરે ગાજે,
તાલ પખાજ ઓર મૃદંગ બાજે, રાગ છત્રીશે બાજે. બંગલા.
હાડ ચામકા બંગલા બનાયા, બનાયા નાડીકા રસ્તા,
બાજીગરને ખેલ મચાયા, રંગ ચડાયા સસ્તા. બંગલા.
પાંચ પચ્ચીસેક પાતર નાચે, મનુવા તાલ બજાવે,
સ્વર્ગ નર્કકી મૃદંગ બાજે, જી ચાહે વાં જાવે. બંગલા.
રે [illegible] રોમકી છાય બનાઇ, ત્રણ ગુણ કાહે ગાળા,
[illegible] નરસઇ સુનો ભાઇ સાધુ, ચેતન સુરવા વાળા. બંગલા.

કીર્તન ૪૧ મું.

માહને તારી માળારે, આઠે પાહાર મુકું નહીં,
શાના અંગે કાળારે, ચિતડેથી ચુકું નહી.
જેમ પપૈયો પીયુ પીયુ, રટતો રાખી ટેક,
સર સરીતા જળ થકી, પીએ ન ટીપું એક,
તેમ જપુ તુજ નામને, વ્હાલ ધરી વિશેક,
બીજા બધા ચાળારે, તેની કને ઢુકું નહીં. મોહન૦
જેમ લઇ શીર બેડલું, પનીઆરી પથ જાય,
બોલે ચાલે કરતા લે, સુરતા બેડા માંય,
તેમજ મારી સુરતા, લાગી ત્રીકમ કેરે પાય,
ભણે નરસૈ વિષય વાળારે, તેને માંથે થુંકુ નહીં. મોહન૦

કીર્તન ૪૨ મું.

ક્યા ક્યાં જઇને અડેછે, મનડું ક્યાં ક્યાં જઇને અડેછે.
એક ઘડી શાંત ન થાતું કદાપી, શુ શું ઘાટ ઘડે છે. મન૦
પહોંચે પાતાળે તું ક્ષણમાં, આકાશે અગાડે છે,
સમજે સાર અસાર પણ, જઇને કુવામાં પડે છે. મન૦
પળમાં ખ્યાલ કરી ખુશી રાતું, પળમાં પાછું રડે છે,
કરતા જન જાહેરમાં કરતાં, તેજ તને નડે છે.
પરના સુખથી નાહક બળતું. નીશદીન શુ બબડે છે,
ઘડીમાં વળી પસ્તાવુ પાપથી. ને ઘડીમાં તારૂં ચડે છે. મન૦
મીથ્યા માન અને રચા મદથી, ફુલી તું શુ સડે છે;
જન્મ મરણ ને દુખ આ ભવનું સઘળું તારાવડે છે. મન૦
આ જગમાં સૌજન પર કેવું, તું તો રાજ કરે છે,
કહે નરસૈં ક્રોધ વીરહાતુર તુંને, હરી પદમાંતો જડેછે. મન૦

કીર્તન ૯૩ મું.

પ્રજાપતી કહેરે, ગોવીંદકા મારી કાણુ મતી,
માંજારી બચ્ચાંનેરે, ઉગારો મારી વતી. પ્રજાપતી.
છાના સમરણ કરતી હતી, પ્રહલાદ આવ્યા પાસ,
અરધીરાતની આણો દીધી, વીઠલ કીધો તારો વીશ્વાસ,
અંત સમે આવ્યારે જુગના તમે જતી. પ્રજાપતી.

પ્રભાતે પ્રહલાદ આવશે, નીભાડો ખોલશે, નાથ,
સાચા ખોટાની શાખ્યો પુરશે, કરશું અમે આતમઘાત
પ્રતીત તારી જાશેરે, જુગમાં હાંશી થશે. પ્રજાપતી.
કુંભકારણ કુંભમાં પ્રગટ્યા, રાખવા સતની લાજ,
દાસીના દુખ રોયલાં જાણી, આવો ગરીબ નીવારણ.
દાસ નરસઇ કહે છેરે રહેશે સેવા સતી. પ્રજાપતી.

કીર્તન ૪૪ મું.

રમાપતિ સમરોરે, ગત દીવસ તમે ભાઇ,
અંતે છે એક સગાઇ. રમાપતિ.
ના બેસતા એનેજ સમરો, જમતાં હદનાં નેહ,
પલ પણ ખાલી નવ જાય એક વિના, ભજો ધરીને નેહ,
કમાણી બીજી મુકો દયોનેરે, ખરી છે એક કમાઇ, રમાપતિ.
કુડ કપટ કરી કીધી કમાણી, પોષ્યા કુટુંબ કબીલા,
કષ્ટ આપણાં શિરે આવતાં, કરશે મુખડાં લિલાં,
તેમાં શું તમે મોહી રહ્યારે, ચતુર ક્યાં ગઇ ચતુરાઇ રમાપતિ.
કાન પાસે આવી પળીયાં તે, કહે છે એનો ભાઇ,
હજુ અવસર છે તારા હાથમા કર ધરમ તું કાંઇ,
આખર મરવાને વખતેરે, અંતે રહેશો પસ્તાઇ. રમાપતિ.
કાલ કરવું તે આજ કરી લે, આજ કરવાનું અબ,
એહજ આવશે તારી સાથે, બાકી બધું છે ઇબ;
મહેતો નરસઇ કહેછેરે, હરી સાચો છેજ સગાઇ. રમાપતિ.

કીર્તન ૪૫ મું.

નારાયણનું નામજ લેતાં, સઘળું તે સમે તજીયેરે,
મનશા વાચા કરમણા કરીને, રાધિકા વરને ભજીયેરે.
કુળને તજીએ કુટુંબને તજીયે, તજીયે માને બાપરે,
ભગની સુત દારાને તજીયે. જેમ તજે કંચુકી સાપરે.
નિજ પિતા પ્રહલાદે તજિયા, પણ તજ્યુ ન હરીનું નામરે.
ભરત શતરૂઘને તજી જનેતા, પણ નવ તજીયા રામરે.
રૂષિ પત્નિ શ્રી હરીને કાજે, તજીયા નીજ ભરથારરે;
તેમાં તેનું ગયું ન કાંઇ પાપી, પામી પદારથ ચારરે.

વ્રજ વનિતા વિઠલને કાજે, સર્વ તજી વન ચાલીરે,
ભણે નરસઇયો વ્રંદાવનમાં, મોહન સાથે મ્હાલીરે.

કીર્તન ૪૬ મું.

કાન કાળો છે પણ બહુ રૂપાળોરે,
કાન કાળો છે પણ બહુ રૂપાળો;
એની છબી તે નજરે નિહાળોરે. કાન.
કામણગારી એની આંખડી દીસે છે વાહા,
મોરે પિંછ મુગટવાળોરે. કાન.
પીળી પિતાંબરી પહેરી પ્રભુએ,
કૌસ્તુભીનો કંઠે લટકાળોરે. કાન.
બાંય બાજુબંધ બેરખા બે સુંદર;
કેડે કંદોરો ગુગરીઆળોરે. કાન.
બહુ મુલાં નંગની વિંટીઓ આંગળિએ,
જામો જરકશી છે રૂપાળોરે. કાન.
હીરે જડિત તોડી ચરણમાં ઠમકે;
કુલની કેવી પાડી ઢાળોરે. કાન.
કુમ કુમ ટીલડી દીસે અનુપમ,
વાએ અધર મોરલી લટકાળોરે.
કહે નરસઇ મેહેતા ભાવેથી ભજો;
દેવકીના સુતને ભાળોરે. કાન.

કીર્તન ૪૭ મું.

અંતે સંતને તેડાવોરે, હરીનું ભજન કરવા,
કરમાં માળા આલીરે, મૂરખ બેઠો જ્યારે મરવા.
નાનપણે ઘર ધંધામાં ધાયો, વૃદ્ધપણે હરીગુણ ગાય;
ઘર લાગ્યુ ત્યારે કુવો ખોદાવે, એ અગ્ની કેમ ઓલવાય;
છતી બાજી હાર્યોરે, પત્થરને નાવે બેઠો તરવા. અંતે.
અંત સમે છાપા તિલક બનાવે, ભુલી ગયોરે જ્યારે ભાન;
એરણની ચોરી સોયનું દાન. એમ કેમ આવે વેમાન.

જ્ઞાન નાખ્યુંરે બુદ્ધિ બઇ તારી ચરવા. અંતે.
જુવતી નારીને જેવી પુત્રની આશા, એમ હરી ભજે ફળ થાય,
વૃદ્ધ નારીને નહીં પુત્રની આશા, એનો એળે જનમ વહી જાય;
હરિને બેઠો ઠગવારે, એંશી વર્ષે ૧૨ વરવા અંતે.
વીશ વર્ષે વિશ્વંભર મળે, ભક્તિ કરે ભય જાય;
હરિ શું ધાયા તે બહુ કમાયા, તેને મળિયા નિરંજન રાય,
દાસ નરસઇ કહે છે રે, મળ્યા ફેરા ચોરાસીના ફરવા. અંતે.

કીર્તન ૪૮ મું.

મોરલીધર મોરલીવાળોરે, મોરલીએ મારૂં મન મોહ્યું.
તારી મોરલીના નાદે, સર્વ મેં ખોયુંરે,
મોરલીએ મારૂં થન મોહ્યું
મોરલીના મધુરા સુરે લાગી મુજને પ્રીત;
જ્યાં હું સુણું એહેને, આવું દોડી અચીત,
સુઝે ન કાંઇ ધંધોરે, કોઇમાં ન રહે મન પરોવાયું. મોરલી.
મોરલી ગુણવાળી ઘણી, મેળવિઓ તુજ સંગ,
પાપ સૌ ભાગી ગયા, થઇ ગયું નિર્મળ અંગ,
હવે ન તને છોડુરે, જતાં આ મુખ ક્યારે જોઉં. મોરલી.
ભુખ સઘળી ભાગી ગઇ, તરસ થઇ સોફર;
પચ્છા શી અળગી થઇ, ચિત ચાહે રહેવા હજુર;
ભણે છે નરસઇદાસ તારોરે, સુખ આવું ક્યાંઇ ન જોયું. મોરલી.

ભજન.

નામ તારૂં સુખદાઇ, ગિરિધર નામ તારૂં સુખ દાઇ.
ધીરજતા ધ્રુવની ઉર લાવી, અવીચળ પદ દીધું ત્યાંહી—ગીરિધર.
ઝુંડે પકડયો ગજને જ્યારે, પળમાં લીધો છોડાવી,
પ્રલ્હાદજીની પીડા પીછાણી, પ્રગટયા સ્થંભે જાપ. ગીરીધર.
હિરણ્યકસીપુ માર્યો હરીએ, નૃસીંહ રૂપ બનાવી,
લાખાગ્રહથી પાંડવ બચાવ્યા, ઘોડી આવ્યા પ્રભુ ધાઇ.
ાળીને ચીર પુર્યાં તમે, તો દુષ્ટ કૌરવથી બચાવી
જ્યાં ભગતને ભીડ પડે પ્રભુ, ત્યાં ત્યાં હરે

અગણીત ગુણ પ્રભુ જાય ન ગણીયા, શેવા અતિ સુખદાઇ,
જેઠો કહે પ્રભુ ગુણ ગણતાં, જન્મ મરણ કદી નાંહી. ગી:

ભજન.

પ્રેમને વંશ છે મોરારી, જો સાંભળ પ્રેમને વશ છે મોરારી;
તેમાં ન ફેર લગારી, જો સાંભળ પ્રેમને વશ છે મોરારી,
કરમાબાઇનો ખીચડો આરોગ્યો, વિદુરની ખાધી ભાજી,
જુઠાં બોર શવરીનાં ખાધાં, મુકયાં છપ્પન ભોગ વિચારી–જો સાં
વિદુરજીને ઘેર પ્રભુ પધાર્યા, ત્યાં હાતા હતાં ભક્ત નારી,
પ્રેમને વંશ દોડયા નગ્ન સ્વરૂપે, વસ્ત્રને દીધાં વિચારી. જો સાં.
ખાવા માગ્યું ત્યાં કેળાં લાવ્યાંને, કહ્યું એમો હવે સુધારી. જો સા.
પ્રેમમાં ભુલીને, છોતરાં આપ્યાં. ગર્મને મુકયો વિસારી. જો સાં.
પ્રેમ લક્ષણા ભક્તિ છે ન્યારી, નીંદે સર્વ સંસારી;
જેઠો કંઠ તેને નીંદે જે પામર, પામે પસ્તાવો ભારી જો સા.

સમાપ્ત

જાહેર ખબર

તમામ જાતનાં ભજનો તંબુરામાં ગાવાનાં તમામ કેતન.

૦-૪-૦ ભક્તામીરાંભણી મોટી. ૧
૦-૬-૦ ભક્તોની ભજનમાળા ૧
૩-૦-૦ ભજન ભંડાર મોટો. ૧
૦-૬-૦ બોધ ચિંતામણી ૩ પિરાઈ ૧
૧-૦-૦ ભક્તમાળ આખ્યાન મોટું ૧
૧-૦-૦ કાવ્યદોહન મોટું ભાગ ૨-૫
૦-૮-૦ જ્ઞાન સાધન ભજનાવળી ૧
૦-૮-૦ છોટમકૃતકીરતનમાળા.ભા ૧ ૩
૦-૬-૦ ઉપદેશ ચિંતામણી ૧
૦-૮-૦ પ્રીતમ કાવ્ય તથા વાણી. ૧
૧-૦-૦ ઓધવજીની પદમાળા મોટી. ૧
૦-૮-૦ ભજન સાગર મોટો. ૧

મોટાં પુરાણનાં પુસ્તકો અમારે.

૦-૧૨-૦ જાલંધર આખ્યાન મોટું. ૧
૦-૮-૦ ઓખાહરણ મોટું.
૦-૩-૦ ઓખાહરણ નાનું.
૨-૦-૦ ગીરધરકૃત રામાયણ મોટું.
૦-૧૨-૦ ગીરધરકૃત રામાયણ નાનું
૨-૦-૦ કૃષ્ણ ચરિત્ર મોટું.
૧-૦-૦ કબારલીલા અસલહીંદુસ્તાની.
૦-૮-૦ રામલીલા મોટી.
૪-૦-૦ ભાગવત મોટું.
૧-૦-૦ પંચરત્ન ગીતારેશમી પુંઠાની.
૧-૦-૦ યોગવસીષ્ટ બે પ્રકરણ.
૧-૪-૦ કરદાસ આખ્યાન.

૦-૨-૦ મીરાંબાઈનાં ભજન.
૨-૪-૦ નારદ વીણા રસીક ભાગ
૦-૪-૦ મીઠું રસીક ગા
૦-૬-૦ મધુગર ના ગાયનો
૦-૮-૦ મધુગર મોરલ. ગાયનો
૦-૬-૦ કમનના કકકાનાં ગાય
૦-૬-૦ રાગ રાગણીના શબ્દ.
૦-૪-૦ નારારંગ નવા ગાયનો
૦-૪-૦ મનરંગ જનરાધ ગાયનો
૦-૪-૦ ફૂલનો હારનો ગાયનો.
૦-૪-૦ સંગીત લીલાની મોટી
૦-૮-૦ રામલીલા નાટકના ગાયનો

રસીક નવીન નોવેલ નાટકો.

૨-૦-૦ કમળા અને લક્ષ્મી
નોવેલ. પુઠાની.
૦-૮-૦ વીશ્વજીત અને નીશાન
૦-૮-૦ કામકળાનો કામરૂપનો નાટ
૦-૮-૦ હરીશ્ચંદ્ર અને તારામતીન
૦-૮-૦ ભરથરી નાટક મોટું.
૦-૮-૦ ગોપીચંદ નાટક મોટું.
૦-૮-૦ ચંદ્રહાસ નાટક મોટું
૦-૮-૦ જગદેવ પરમાર નાટ
૦-૪-૦ રાણકદેવી રાખેંગાર
૦-૮-૦ વનરાજ ચાવડો મોટું
૦-૨-૦ મહીયારી લીલા

બુકસેલર છોટાલાલ છગનલાલ.

ગાંધીરોડ ... પાસે—અમ